# GOFRUGAL (ગ્રોફ્રુગલ) એમએસએમઇ રિટેલ સેક્ટર માટે 'સહયોગાત્મક વેપાર' સાકાર કરવા માટે સજ્જ; શ્રેષ્ઠ ઓફલાઇન અને ઓનલાઇન માર્કેટનો લાભ ઉઠાવવામાં સહાય કરે છે

(અખબાર યાદી)

ભારતી સૌથી ઝડપથી વિકસતી ક્લાઉડ ઈઆરપી કંપની **GOFRUGAL** આજે રિટેલ, રેસ્ટોરન્ટ અને વિતરણ અને બિઝનેસીસ માટે અનુક્રમે **RetailEasy, ServeEasy,** અને **ManageEasy** સહિતની પ્રોડક્ટના 'ઈઝી સ્યુટ'ને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. રિટેલર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી કુમાર રાજાગોપાલને પરંપરાગત રિટેલ ઉદ્યોગ માટે **AI** અને **ML** જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કંપનીનો સૌપ્રથમ એક્સપેરિમેન્ટલ ડિજીટલ સ્ટોર લોન્ચ કર્યો હતો. રિસર્ચ રિપોર્ટ દર્શાવે છે કે ભારતીય રિટેલ ઉદ્યોગ ૧૪ મિલીયન રિટેલર્સ સાથે ૭૦૦ અબજ ડોલરનો હોવાનો મનાય છે. તેમાંથી એમએસએમઈ સેગમેન્ટ બજાર જરિયાતોમાંથી ૬૦-૭૦ ટકા જરૂરિયાતો સંતોષે છે. ડિજિટલ સ્ટોરનું અનાવરણ કરતા રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી રાજાગોપાલાને જણાવ્યું હતું કે, "આધુનિક વેપાર સાથે સહ-અસ્તિત્વ ધરાવતું પરંપરાગત રિટેલ માર્કેટ, આધુનિક અને જીવંત દેખાવા માટે એક ઓળખ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. જો કે, ટેકનોલોજી તેમને અપનાવવા માટે ક્યારેય સસ્તી અથવા યૂઝર ફ્રેન્ડલી રહી નથી. મારું માનવું છે કે **GOFRUGAL** જેવા ટેક્નોલોજી ખેલાડીઓ, તેમના અલગ પ્રકારના પ્રોડક્ટ સ્યુટ સાથે ભારતભરના લાખો નાના વેપારીઓને તેમના બિઝનેસીસને મજબૂત અને વિકસિત કરવા માટે મદદ કરી શકે છે. વધુમાં, કુમાર અને તેની ટીમને ભારતીય રિટેલ સ્પેસને ઔપચારિક બનાવવાના તેમના પ્રયત્નો માટે હું પ્રશંસા અને અભિનંદન પાઠવું છું જે હજુ પણ મોટા પ્રમાણમાં નાના બિઝનેસ માલિકો અને વેપારીઓ દ્વારા સંચાલિત છે. હું આશા રાખું છું કે, અમે વધુ ભારતીય વેપારીઓ એમેઝોન ઓફ ઈન્ડિયા સાથે સહયોગ કરી અને તેમની બિઝનેસ કામગીરી વધારશે તેવું આપણે જોઈશું." રિટેલ બિઝનેસ અક હલચલો સાથે ટોચ પર છે ત્યારે રેસ્ટોરન્ટ ઉદ્યોગ ઝડપથી એડવાન્સીગ ટેકનોલોજી સાથે તાલ મિલાવી રહ્યો છે. પરંપરાગત રેસ્ટોરન્ટ્સ ક્લાઉડ કિચન અને ઓનલાઈન ડિલીવરી પ્લેટફોર્મ્સ સાથે ગ્રાહકોની વર્તણૂંકમાં પરિવર્તન અનુભવી રહ્યો છે. ગ્રાહકો વ્યક્તિલક્ષી અનુભવ, પ્રોડક્ટ ઉપલબ્ધ અને અમુક ધોરણની સેવાઓ ફક્ત ફિઝીકલ સ્ટોરમાં જ નહી પરંતુ ઈ-વેપાર અને માર્કેટ પ્લેસિસ પાસેથી પણ અપેક્ષા રાખે છે. ગ્રાહકોની બદલાતી જતી વર્તણૂંકો અને ઉદ્યોગના બદલાતા જતા દેખાવને કારણે એમએસએમઈ આ પરિસ્થિતિમાં કામ કરી શકતા નથી; તેમણે ઈઆરપી સોલ્યુશન્સનો ઉપયોગ કરીને દરેક ચેનલ્સ સાથે જોડાવું પડશે અને સહયોગ સાધવો પડશે. આ સહયોગાત્મક વેપાર અને એડવાન્સ ઈઆરપી સોલ્યુશન તેમને તેમના બિઝનેસ ડેટાનું પગલા લઈ શકાય તેવી દીર્ઘદ્રષ્ટિમાં રૂપાંતર કરવામાં મદદ કરશે. પરંપરાગત એમએસએમઈ રિટેલ, રેસ્ટોરન્ટ અને વિતરણ બિઝનેસીસે પોતાની જાતને વહેલાસર પ્રસ્થાપિત કરવી પડશે અથવા તેમને તેમના બિઝનેસીસ બંધ કરી દેવાની ફરજ પડશે. આ સંક્રમણ દરમિયાન, પરંપરાગત એમએસએમઈ રિટેલ અને રેસ્ટોરન્ટ બિઝનેસીસ યોગ્ય ઉકેલોની રચના, મૂલ્યાંકન અને પસંદ કરવા માટેના પડકારોનો સામનો કરે છે. તેઓને કન્સલ્ટટન્ટ પોસાય તેમ નથી કે પરિણામ જાણ્યા વિના સાબિત વૈશ્વિક સોલ્યુશન પ્રદાતાઓ પાસે જઈ શકે તેમ નથી. તેઓ તેમના બિઝનેસ માટે ખરીદી કરી શકે અને આત્મવિશ્વાસથી વૃદ્ધિ કરી શકે તે પહેલાં તેઓને કોઈ સમાધાનની જરૂર છે. **GOFRUGAL**




● પ્રોડક્ટ્સનો 'ઈઝી સ્યુટ' લોન્ચ કર્યો

● પરંપરાગત રિટેલ, રેસ્ટોરન્ટ અને વિતરણ અને બિઝનેસીસ માટે નવા તૈયાર કરેલા પ્રોડક્ટ્સના 'ઈઝી સ્યુટ' સાથે ૧૩,૨૩૮ મિલીયન ડોલરનું ક્લાઉડ આધારિત ઈઆરપી માર્કેટ સર કર્યું

ઈકોસિસ્ટમ સાથે સહયોગ માટે નજીકના નાના સ્ટોર્સ અને રેસ્ટોરન્ટ્સને સશક્ત બનાવવાનો નિર્ધાર સેવે છે જે બજારના વિસ્તરણ અને મોટા ગ્રાહક સંપાદન પર ધ્યાન કેન્દ્રિત કરશે. કંપની એ ગેરસમજને તોડવા માગે છે કે પરંપરાગત રિટેલ અને નાના રેસ્ટોરન્ટ બિઝનેસીસને ડિજિટલ જવા માટે મોંઘા સોફ્ટવેર, પ્રશિક્ષિત પ્રતિભા, ખર્ચાળ અપગ્રેડેશન, જાળવણી અને સુરક્ષા મુદ્દાઓ પર વધુ ખર્ચ કરવાની જરૂર છે. તેઓ ઝડપી અમલીકરણ થઈ શકે તેવા, ઉપયોગમાં લેવામાં સરળ, ઈન્ટેલિજન્ટ, પોષણક્ષમ, એકીકૃત સોલ્યુશન ઓફર કરે છે જેમાં તેમને ટેકનોલોજી માર્કેટપ્લેસ, ઈ-વેપાર, ચૂકવણી અને બેન્કો સાથે કુશળતાની અને સંકલનની જરૂરિયાત નથી. 'ફક્ત ફિઝીકલ સ્ટોર્સના માલિકોને ખ્યાલ છે કે તેઓ વર્તમાન ડિજિટલ યુગમાં અપ્રચલિત રહેશે. તેઓ બધા તેમની પસંદગીની (ઓમનીચેનલ) ચેનલોમાં તેમના ગ્રાહકોને સેવા આપવા અને તે સાકાર કરવા માટે ઉત્સુક છે, તે યોગ્ય ટેકનલોજી ભાગીદારની શોધમાં છે. અત્યંત સ્પર્ધાત્મક બજારમાં જીતવા માટે, એમએસએમઈને એક ઉકેલની જરૂર છે જે તેમને તેમના બિઝનેસીસને ઓછામાં ઓછી કુશળતા, ન્યૂનતમ સ્ટાફ, 100% ચોકસાઈ અને વિશ્વસનીયતા સાથે ચલાવવામાં મદદ કરશે. ઓનલાઈન-થી-ઓફલાઈન (ઓ૨ઓ) સહયોગાત્મક બિઝનેસ મોડેલ સાથે રિટેલ, રેસ્ટોરન્ટ અને વિતરણ બિઝનેસીસ તેમના ગ્રાહક સંપાદનમાં ૧૫-૨૦% વધારો કરી શકે છે, **GOFRUGAL**ના સીઈઓ અને સ્થાપક કુમાર વેમ્બુ જણાવે છે. તેમણે પુનરોચ્ચાર કરતા કહ્યું કે "અમારી ટીમ પરંપરાગત રિટેલ, રેસ્ટોરન્ટ અને વિતરણ બિઝનેસને બનાવવા માટે સક્ષમ બનાવવા માટે 'સ્માર્ટ પ્લેટફોર્મ' તૈયાર કરવા પર કેન્દ્રિત છે, જે સહયોગી વેપારને સાકાર કરી શકે છે. **GOFRUGAL**ના નવા પ્રોડક્ટ્સના ઈઝી સ્યુટ એક મંત્ર તરીકે "અનુભવની સરળતા" પર ધ્યાન કેન્દ્રિત કરે છે. અમે સોલ્યુશન્સ પ્રદાન કરીએ છીએ જે સુરક્ષિત, વ્યાપક, ખુલ્લા અને પરવડે તેવા છે. મુખ્ય ગ્રાહકોમાં સફળતાપૂર્વક અગ્ર ધોરણે લાગુ પાડ્યા બાદ, અમે દર વર્ષે ઓછામાં ઓછા 100%ના ધોરણે આગળ વધવા તૈયાર છીએ."